અનુસૂચિત જાતિ ના કાયદાના સ્નાતકો ને
વકીલાત ની તાલીમ આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવક્રમાંક: એસસીડબલ્યુ-૧૦૯૮-ન.બા-૮-ગ
સચિવાલય, ગાંધીનગર
તા: ૨-૩-૨૦૦૦

ઠરાવ

રાજ્યમાં વસતા કાયદાની પદવી મેળવીને પ્રેક્ટીસ કરવા માંગતા અનુ.જાતિ ના યુવાનોની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાના કારણે વકીલાતની સ્વતંત્ર પ્રેક્ટીસ કરી શકતા નથી અને અધ વચ્ચે પ્રેક્ટીસ છોડી દેતા હોય છે તેથી આવી અનુ.જાતિ વ્યક્તિઓને વકીલાતની તાલીમ આપવા માટે નાણાંકીય સહાય આપવાની યોજના અમલમાં મૂકવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

૨/-આ અંગે પુખ્ત વિચારણાના અંતે સરકારે કાયદાની પદવી ધરાવતા અનુ.જાતિ ના યુવાનોને વકીલાતની તાલીમ માટે નીચે મુજબ નાણાંકીય સહાય આપવાની યોજના અમલી બનાવવાનું ઠરાવ્યુ છે.

(૧) અનુ.જાતિના કાયદાના સ્નાતકો પ્રેક્ટીસ શરૂ કરે તેના પ્રથમ વર્ષ માસિક રૂા. ૧૦૦૦/- બીજા વર્ષે રૂા.૮૦૦/- અને ત્રીજા વર્ષે માસિક રૂા. ૬૦૦/- ની સહાય આપવામાં આવશે.

(૨) આવી વ્યક્તિને જે સિનિયર વકીલ વકીલાત કરવાની તાલીમ આપે તેને દર મહિને રૂા. ૫૦૦/- નું એલાઉન્સ આપવામાં આવશે.

(૩) આ યોજનાનો લાભ અનુ.જાતિના ઉમેદવારોને ગુણવત્તાના ધોરણે આપવામાં આવશે.

(૪) આ યોજનાનો લાભ એક વ્યક્તિને એકજ વખત મળવાપાત્ર રહેશે.

(૫) આ યોજના માટે ઉમેદવારની ગુણવત્તાના ધારેણે પસંદગી નીચેના સભ્યોની સિલેકશન કમિટિ કરશે.

૧. અગ્ર સચિવશ્રી, / સચિવશ્રી — અધ્યક્ષ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
૨. નાયબ સચિવશ્રી ( સ.ક.) — સભ્ય
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
૩. નિયામકશ્રી,અનુસૂચિતજાતિ કલ્યાણ — સભ્ય- સચિવ
ગુજરાત રાજય,ગાંધીનગર

(૬) સીનીયર વકીલો માટેની પસંદગી સમિતિ પણ ઉપર મુજબ રહેશે. અને સીનીયર વકીલે આ પ્રકારની
તાલીમ જિલ્લા મથકે આપવાની રહેશે.

૩/- ઉમેદવારો તેમજ સીનીયર વકીલોની પસંદગી માટે ઉકત સમિતિની બેઠક બોલાવવી,યાદી તૈયાર કરવી વગેરે કાર્યવાહી સમિતિના સભ્ય-સચિવે કરવાની રહેશે.

૪/- આ અંગે ચાલુ વર્ષના અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂા. ૪.૫૦ લાખની નવી બાબતને આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

૫/-આ અંગેની ખર્ચ અંદાજપત્ર ની માગણી ક્રમાંક: ૯૩, મુખ્ય સદર- ૨૨૨૫ - અનુ.જાતિઓ અનુ.આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ - ૦૧ અનુ.જાતિઓનું કલ્યાણ - ૧૦૨ આર્થિક વિકાસ બીસીકે- ૨૯ અનુ.જાતિ માટે ખાસ અંગભૂત યોજના કાયદા અને તબીબી સ્નાતકોને નાણાંકીય સહાય હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાની રહેશે.

૭/- આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા:૨૬-૨-૨૦૦૦ ની નોંધથી મળેલ સંમતિ બાદ બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સહી

(બી.પી.પ્રજાપતિ)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ